# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-10-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) કેન્દ્ર સરકારે રાજ્યની ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને મજબૂત બનાવવા 522 કરોડ રૂપિયાથી વધુનું અનુદાન જાહેર કર્યું

2) રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું, સૌરાષ્ટ્ર માટે પીવાનાં પાણીની સમસ્યા હવે ભૂતકાળ બની.

3) દિવાળીને લઈ મંદિરોમાં ભક્તોનો ઉત્સાહ – પોરબંદરનાં પૌરાણિક મંદિરમાં માતાજીની ચલણી નોટોનો શણગાર કરાયો.

4) ન્યાય પ્રણાલિને વેગ આપવા અમલમાં મૂકાયેલો ન્યાય-શ્રુતિ પ્રૉજેક્ટ પોલીસ માટે મદદરૂપ સાબિત થયો.

5) આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT CENTRAL GRANT

કેન્દ્ર સરકારે રાજ્યની ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને મજબૂત બનાવવા 522 કરોડ રૂપિયાથી વધુનું અનુદાન જાહેર કર્યું છે. 15-મા નાણાપંચમાંથી રાજ્યની 38 જિલ્લા પંચાયત , 247 પાત્ર ઘટક પંચાયત અને 14 હજાર 547 પાત્ર ગ્રામ પંચાયતને આ અનુદાન અપાશે.

(વૉઈસકાસ્ટ – જયેશ પટેલ)

(.... પંચાયતીરાજ મંત્રાલય અને જળશક્તિ મંત્રાલયના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ દ્વારા રાજ્યોને પંચાયતીરાજ સંસ્થાઓ - PRI અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ – RLB માટે અનુદાન ફાળવવાની ભલામણ કરે છે. ત્યારબાદ નાણા મંત્રાલય દ્વારા અનુદાનની ભલામણ થાય છે અને નાણાકીય વર્ષમાં બે હપ્તામાં આ અનુદાન જાહેર કરાય છે. આ સંસ્થાઓ દ્વારા બંધારણની 11-મી અનુસૂચિમાં સમાવિષ્ટ 29 વિષય હેઠળ સ્થાન-વિશિષ્ટ જરૂરિયાતો માટે છૂટા અનુદાનનો ઉપયોગ કરાશે. તેમાં પગાર અને અન્ય સ્થાપના ખર્ચનો સમાવેશ થતો નથી.)

જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

. . . . . . . . . . . . .

# RAJYAPAL AMRELI LOKARPAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે  અમરેલીમાં લાઠી તાલુકાના કેરિયા અને હર-સુરપુર દેવળિયા ખાતે એક સંસ્થા દ્વારા બનાવાયેલા બે સરોવરનું લોકાર્પણ કર્યું. લાઠી–લિલિયા તાલુકામાંથી પસાર થતી 54 કિલોમીટર લાંબી ગાગડિયો નદી પર રાજ્ય સરકાર અને સંસ્થા દ્વારા જનભાગીદારીથી જળસિંચનનું કાર્ય કરાયું છે. તેનાથી નદીની વહન ક્ષમતા અને સંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કહ્યું   ,  રાજ્યમાં વર્ષ 2000 પહેલા સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઘણી ગંભીર હતી. આજે સૌરાષ્ટ્ર માટે પીવાના પાણીની સમસ્યા ભૂતકાળ બની છે.

રાજ્યપાલશ્રીએ ગૌરી અને મંજુલા સરોવરનું લોકાર્પણ કરીને તળાવનું નિરીક્ષણ કર્યું. તેમજ સૌને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

. . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

............

# DIWALI OVERALL

રાજ્યભરમાં દિવાળીના તહેવારને લઈ મંદિરોથી લઈ સરકારી ઇમારતો અને રોડ-રસ્તાઓ પર રોશનીનો વિશેષ શણગાર કરાયો છે. શક્તિપીઠ અંબાજી , યાત્રાધામ પાવાગઢથી લઈ તમામ મંદિરોમાં પણ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આવતીકાલે વિક્રમ સંવતના નૂતન વર્ષને વધાવવા આજથી જ મંદિરોમાં ભક્તોનું આગમન શરૂ થઈ ગયું છે.

સુરેન્દ્રનગરના સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટિલામાં આજથી ભક્તો આવવા લાગ્યાં છે. વહેલી સવારે માતાજીના દર્શન કરીને ભક્તો નવા વર્ષનો પ્રારંભ કરશે.

(V/C – DINESH PARMAR - PTC)

દિવાળી નિમિત્તે પોરબંદરની મુખ્યબજારમાં મહાલક્ષ્મી માતાજીના પૌરાણિક મંદિરમાં માતાજીને 55 લાખ રૂપિયાના ચલણી નોટનો શણગાર કરાયો. 60 હજારથી વધુ ભક્તો એ આ શણગારના દર્શનનો લ્હાવો લીધો હતો. દર્શનાર્થી ધૃતિ ગોકાણીએ આ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: DHRUTI GOKANI)

દેવભૂમિ દ્વારકાના જગત મંદિરમાં ગોવર્ધન પૂજાની પરંપરાગત ઉજવણી સંપન્ન થઈ. પૂજારીઓએ જણાવ્યું , દર વર્ષે વિક્રમ સંવતના નવ વર્ષની શરૂઆત સાથે અન્નકૂટ મનોરથની શરૂઆત ગોવર્ધન પૂજાથી થાય છે. આજના દિવસે ઠાકોરજી સમક્ષ ગાયના છાણનું લિપણ કરી પૂજન-અર્ચન અને આરતી કરવામાં આવી.

પવિત્ર યાત્રાધામ ડાકોર મંદિરમાં જય રણછોડના નાદ સાથે અન્નકૂટને લૂંટવાની પરંપરા આજે પણ અકબંધ રહી. દિવાળીના બીજા દિવસે ઠાકોરજીને અન્નકૂટ ધરાવાય છે અને વર્ષોની પરંપરા મુજબ, આસપાસના 75 ગામના લોકોએ આ અન્નકૂટ રૂપી પ્રસાદને લેવા આમંત્રણ અપાયું હતું. બપોરે મંદિરના દરવાજા ખોલતાની સાથે જ માત્ર 11 મિનીટમાં જ 151 મણનો અન્નકૂટના પ્રસાદને લૂંટવામાં આવ્યો.

. . . . . . . . .

# GIR SOMNATH – ECO FRENDLY DIWALI

ગીરસોમનાથમાં વેરાવળના બાદલપરામાં ગત એક દાયકાથી ગ્રામજનો ફટાકડા ફોડતા નથી. તેની જગ્યાએ રોપા વાવીને દિવાળી ઉજવે છે. ગામમાં પ્રદૂષણ ન થાય તેને ધ્યાને રાખી ગ્રામજનોએ પર્યાવરણને સાનુકૂળ દિવાળી ઉજવવાનો નિર્ણય કર્યો હતો. બીજી તરફ દિવાળી નિમિત્તે ગામને રંગબેરંગી રોશનીથી શણગારાય છે. આ અંગે ગ્રામજન રાધિકા પંપાણિયાએ વધુ માહિતી આપી.

(બાઈટ – રાધિકા પંપાણીયા)

. . . . . . . . . .

# DGP NYAY SRUTII

ટેક્નોલૉજીના મહત્તમ ઉપયોગ થકી ન્યાય પ્રણાલિને વધુ વેગ આપવા ન્યાય-શ્રુતિ પ્રૉજેક્ટ અમલમાં મૂકાયો છે. આ અંગે માહિતી આપતા રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી – DGP વિકાસ સહાયે કહ્યું, ન્યાય-શ્રુતિ પ્રૉજેક્ટ બાદ આરોપીને અદાલતમાં રજૂ કરવા બહાર લાવવાની જરૂર રહેતી નથી. આરોપીઓને જેલમાંથી જ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી અદાલતમાં રજૂ કરી શકાય છે.

(BYTE: VIKAS SAHAY, DGP)

. . . . . . . .

# POLICE SMRUTI DIVAS

આજે પોલીસ સંભારણા દિવસ છે. વર્ષ 1959માં આ દિવસે લદ્દાખના હૉટ સ્પ્રિંગ્સમાં ભારે હથિયારથી સજ્જ ચીનના સૈનિકો દ્વારા કરાયેલા હુમલામાં 10 બહાદૂર પોલીસકર્મીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ત્યારથી દર વર્ષે 21 ઑક્ટોબરને પોલીસ સંભારણા દિવસ તરીકે મનાવાય છે.

નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ દેશભરમાં ફરજ દરમિયાન જીવ ગુમાવનારા પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી. સુરત પોલીસ પરેડ મેદાન ખાતે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં રાજ્યના ત્રણ અધિકારી અને સમગ્ર ભારતમાં 191 પોલીસ અધિકારીઓને તેમના સર્વોચ્ચ બલિદાન બદલ સન્માનિત કરાયા.

. . . . . . . . . . . . .

# EVE WEATHER FORECAST

હવામાન ખાતાએ આજથી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરી છે . જ્યારે સાબરકાંઠા , અરવલ્લી, મહીસાગર, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. 25 તારીખથી દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની તીવ્રતા વધી શકે છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ . કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે. આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

. . . . . . . . . .

# PATAN GST

કેન્દ્ર સરકાર દ્વારા વાહનો પર વસ્તુ અને સેવા કર – GSTના દરમાં ઘટાડો કરાતાં ગ્રાહકો અને વેપારીઓને લાભ થઈ રહ્યો છે. પાટણમાં વાહનોના વેપારી સરકારના આ નિર્ણયથી માગમાં વધારો થયો હોવાનું જણાવ્યું.

. . . . . . . .